પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૦૪-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજસ્થાનનું પ્લેન ગોથે ચડાવવાની ફિરાકમાં 'પાયલટ':

## ગેહલોત સરકારે ભ્રષ્ટાચાર સામે પગલાં ન લીધા, પોતાની સરકાર વિરુદ્ધ સચિન પાયલોટ ઉપવાસ પર ઉતશે

જયપુર,

રાજસ્થાનમાં સચિન પાયલટે ફરી એકવાર પોતાની જ પાર્ટીની સરકાર પર સવાલો ઉઠાવ્યા છે. પાયલટે રવિવારે પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. તેમણે કહ્યું કે, "મેં પૂર્વ સીએમ વસુંધરા રાજે વિરુદ્ધ મુખ્યમંત્રી ગેહલોતને ફરિયાદ કરી હતી, પરંતુ ગેહલોતે કોઈ કાર્યવાહી કરી ન હતી." તેમણે જણાવ્યું હતું કે કોઇ કાર્યવાહી ન કરવામાં આવતા તેના વિરોધમાં ૧૧ એપ્રિલના રોજ પાયલટ શહીદ સ્મારક પર એક દિવસના ઉપવાસ પર ઊતરીશ પાયલટે એમ પણ કહ્યું કે, ગેહલોતે વસુંધરા સામે એક્શન નથી



લીધા તો લોકો એમ માનશે કે આ બંનેની મિલીભગત તો નથીને

પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે "વસુંધરા સરકારમાં ભ્રષ્ટાચાર પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જ્યારે ખાતરી આપવામાં આવી હતી કે તપાસ કરવામાં આવશે. ચૂંટણીમાં ૬-૭ મહિના બાકી છે, વિરોધીઓ ભ્રમ ફેલાવી શકે છે કે કોઈ મિલીભગત નથી, આ કાર્યવાહી તે સાબિત કરવા માટે જલદીથી કાર્યવાહી કરવી પડશે. જેથી કોંગ્રેસના કાર્યકરોને લાગે કે અમારા કથન અને કાર્યમાં કોઈ ફરક નથી.પાયલટે કહ્યું- મેં મુખ્યમંત્રી ગેહલોતને વિનંતી કરી હતી. પહેલો લેટર ૨૮ માર્ચ ૨૦૨૨ના રોજ લખાયો હતો. તેના પર કોઈ જવાબ મળ્યો નથી. પછી બીજો લેટર લખ્યો. પાયલટે જયપુર સ્થિત પોતાના ઘરે પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી.પાયલટે કહ્યું, "ગત વસુંધરા રાજે સરકાર દરમિયાન થયેલા ભ્રષ્ટાચાર પર (ગેહલોત સરકાર દ્વારા) કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. જ્યારે વિપક્ષમાં હતા ત્યારે અમે વચન આપ્યું હતું કે રૂ. ૪૫,૦૦૦ કરોડના ખાણ કૌભાંડની તપાસ કરવામાં આવશે." તેમણે કહ્યું, "ચૂંટણીને છ-સાત મહિના બાકી છે ત્યારે વિરોધીઓ એવો ભ્રમ ફેલાવી શકે છે કે તેમાં કોઈ મિલીભગત છે.

પાયલટે કહ્યું કે લોકશાહીમાં દરેકને પોતાની વાત કહેવાનો અધિકાર છે. છેલ્લા કેટલાક સમયથી વિપક્ષના લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ઈડીએ ૯૫ ટકા નેતાઓને નોટિસ આપી છે અથવા દરોડા પાડ્યા છે, તે બધા વિપક્ષના છે. દેશની જનતા સમજી રહી છે. અમે લોકો સામે સત્ય લાવવામાં પાછળ રહીશું નહીં, પરંતુ કેન્દ્ર સરકારનું વલણ ઘણું ખોટું છે. લોકશાહીમાં સરકાર અને વિપક્ષ બંને મહત્ત્વપૂર્ણ અંગ છે. જો તમે વાત ન સાંભળો, બોલવા ન દો, સંસદનું કામકાજ ન ચાલવા દો અને ૪૫ લાખ કરોડનું બજેટ કોઈપણ ચર્ચા વિના પસાર થઈ જાય, તો તે લોકશાહી માટે સારા સંકેત નથી. રાહુલ ગાંધીના સમર્થનમાં નીકળેલી મશાલ યાત્રા દરમિયાન પૂર્વ ડેપ્યુટી સીએમ સચિન પાયલટ પણ સરઘસમાં જોડાયા.

માનહાનિના કેસમાં દોષિત જાહેર થયા બાદ રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા સમાપ્ત કરવાના વિરોધમાં યુથ કોંગ્રેસે રાજધાનીના આલ્બર્ટ હોલથી મશાલ યાત્રા કાઢી હતી. આ મશાલ યાત્રામાં યુથ કોંગ્રેસના નેતાઓ સાથે સચિન પાયલટે પણ ભાગ લીધો હતો. લાંબા સમય બાદ રાહુલ ગાંધીના સમર્થનમાં જયપુરમાં થઈ રહેલા પ્રદર્શનમાં પાયલટ જોડાયા હતા. મશાલ યાત્રા દરમિયાન સચિન પાયલટ યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીનિવાસ બીવીની આગળ ચાલી રહ્યા હતા. આ દરમિયાન મશાલ શ્રીનિવાસના હાથમાંથી પાયલટના માથાને અડીને નીચે પડી ગઈ હતી. મશાલ યાત્રા થોડીવાર માટે અટકાવી દેવામાં આવી હતી. થોડા સમય પછી સ્થિતિ ફરી સામાન્ય થઈ ગઈ. સચિન પાયલટે રાહુલ ગાંધીના મુદ્દે કેન્દ્ર સરકાર અને ભાજપ પર જોરદાર નિશાન સાધ્યું હતું. પાયલટે કહ્યું- કોર્ટે ૩૦ દિવસનો સમય આપ્યો હતો, એવી કઈ આફત આવી કે ૨૪ કલાકમાં રાહુલ ગાંધીને હાંકી કાઢવામાં આવ્યા. કેન્દ્ર વિરુદ્ધ વિપક્ષો પહેલીવાર એક થયા છે, તમામ વિપક્ષી પાર્ટીઓ એકસાથે આવી છે. કેન્દ્ર સરકાર અને ભાજપે દેશમાં એવું વાતાવરણ ઊભું કર્યું છે કે જ્યાં લોકોને તેમના મનની વાત કરતા અટકાવવામાં આવી રહ્યા છે. પાયલટે કહ્યું- રાહુલ ગાંધીએ સંસદમાં પ્રયાસ કર્યા, પરંતુ જે રીતે ઘટનાને અંજામ આપવામાં આવ્યો. નીચલી અદાલતના આદેશ બાદ તેમને સંસદમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, પછી ખુદ સત્તાધારી પક્ષે સંસદ ચાલવા દીધી નહીં, તે એ વાતનું પ્રતીક છે કે કેન્દ્ર સરકાર કોઈ સત્ય સાંભળવા માગતી નથી. તમામ વિપક્ષી દળો એકસાથે આવી ગયાં છે, સરકાર અને ભાજપ વિપક્ષનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

## વિઘ્ન વગર પૂરી થઈ જુનિયર ક્લાર્કની પરીક્ષા : ભાવનગરમાં પની અટકાયત કરાઈ

અમદાવાદ,

જુનિયર ક્લાર્કની પરીક્ષા આજે યોજાઇ હતી રાજ્યભરના ૯ લાખ ૫૩ હજારથી વધુ ઉમેદવારોની મહેનતની કસોટી થઇ હતી.ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને કેમેરાની બાજ નજર વચ્ચે પરીક્ષાર્થીઓ જુનિયર ક્લાર્કની પરીક્ષા આપી હતી બપોરે દોઢ વાગ્યા સુધી પેપર ચાલ્યું હતું આ પરીક્ષામાં કોઈ વિઘ્ન આવ્યું નથી. ત્યારે લાખો ઉમેદવાર અને તંત્રએ આખરે રાહતનો શ્વાસ લીધો છે. ગુજરાત સરકારે સફળતાથી મોટું અભિયાન પાર પાડ્યું છે. સરકાર પર પેપરલીકનો જે દાગ અગાઉની પરીક્ષા પર લાગ્યો હતો, તે આ પરીક્ષામાં લાગવા ન દીધો.

પેપર પૂરુ થયા બાદ વિદ્યાર્થીઓ હસતા ચહેરે પરીક્ષા સેન્ટરથી બહાર નીકળ્યા હતા. તેમના ચહેરા પર રાહતનો શ્વાસ દેખાઈ રહ્યો હતો. તો બીજી તરફ, તંત્રએ પણ વિઘ્ન વગર પરીક્ષા પૂરી થતા તેમની મહેનત ફળી તેવુ જણાવ્યુ હતું. વિદ્યાર્થીઓએ બહાર આવ્યા બાદ જણાવ્યુ હતું કે, પેપર થોડું લાંબુ હતું, પણ સારુ રહ્યું.



આમ, પેપર આપ્યાનો હાશકારો તેમના ચહેરા પર હતો. કારણ કે, અગાઉ અનેકવાર આ પરીક્ષા તેઓ આપી શક્યા ન હતા. ત્યારે તેમની મહેનત ફળી છે.

રાજ્યભરમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા શાંતિ પૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. પરીક્ષા ખંડથી બહાર આવીને ઉમેદવારોએ કહ્યું, પેપર લેંધી રહ્યું, ઈ વિભાગમાં મોટાભાગના ઉમેદવારોને સમય ઘટ્યો. પંચાયતી રાજ, જોડકા સહિત ઈતિહાસના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ઈંગ્લિશ અને ગણિતના પ્રશ્નોમાં સમય વધારે બગડ્યો. મેરીટ નીચું રહેવાની શક્યતા ઉમેદવારોએ દર્શાવી છે. તો ૮૫ થી ૯૫ માર્કે મેરીટ રહે તેવી શકયતા દર્શાવી છે. ત્યારે થોડા દિવસો પહેલા વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે સરકારી નોકરીની ભરતીમાં ડમી ઉમેદવારોના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ત્યારે ભાવનગરના તળાજામાં પોલીસ દ્વારા પાંચ લોકોની અટકાયત કરાઈ છે. જુનિયર ક્લાર્કની પરીક્ષાને લઈને પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે. ભાવનગર પોલીસ દ્વારા પાંચ લોકોની તળાજા પોલીસમાં અટકાયત થઈ છે. અગાઉ ડમી ઉમેદવાર કાંડમાં યુવરાજસિંહે અમુક લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો. જેથી આજે પરીક્ષા હોય સાવચેતીના ભાગરૂપે તેમની અટકાયત કરાઈ છે.

આજે મહામહેનત જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાઈ રહી છે, ત્યારે ઉમેદવારોને કોઈ અડચણ ન આવે તે માટે બધાએ મદદનો હાથ લંબાવ્યો છે. આવામાં અમરેલીના ખાંભાના નાની ધારી નજીક બંધ પડેલા ટ્રકને કારણે ૧૧ પરીક્ષાર્થીઓ પરેશાન થયા હતા. એસટી. બસમાં આવતા પરીક્ષાર્થીઓ બંધ પડેલા ટ્રકને કારણે રસ્તો બ્લોક થયો હતો. પરંતુ આવામાં અમરેલી પોલીસ દેવદૂત બની હતી. કોડીનાર કૃષ્ણનગર એસટી બસના પરીક્ષાર્થીઓને પોલીસે ગાડીમાં પોલીસ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચતા કર્યા હતા. ગીર સોમનાથ જિલ્લાના ૧૧ પરીક્ષાર્થીઓ માટે પોલીસ દેવદૂત સાબિત થઈ. ખાંભાથી અમરેલી સુધી પરીક્ષાર્થીઓને ખાંભા પોલીસ મૂકવા પહોચી હતી. ૧૧ વિદ્યાર્થીઓની પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચતા વિદ્યાર્થીઓ ગળગળા થયા હતા અને પોલીસ કર્મચારીઓનો આભાર માન્યો હતો.

### વડાપ્રધાન મોદીએ થેપ્પાકડુ કેમ્પમાં હાથીને શેરડી ખવડાવી

## અહીં જ ઓસ્કાર વિનિંગ ફિલ્મ 'ધ એલિફન્ટ વ્હિસ્પરર્સ' શૂટ થઈ હતી

બેંગ્લોર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રોજેક્ટ ટાઈગરના ૫૦ વર્ષ પૂરા થવાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે મૈસૂર પહોંચ્યા હતા. હેટ, ટી-શર્ટ અને ટ્રાઉઝરમાં પીએમ મોદીનો લુક બદલાઈ ગયો છે. તેઓ ખુલ્લી જીપમાં બાંદીપુર ટાઈગર રિઝર્વની આસપાસ પણ ગયા હતા. પીએમ તમિલનાડુની સરહદે આવેલા મુદુમલાઈ નેશનલ પાર્કની મુલાકાત લેશે અને થેપ્પકાડુ એલિફન્ટ કેમ્પની પણ મુલાકાત લેશે. આ એલિફન્ટ પાર્કનું મુખ્ય આકર્ષણ હાથી રઘુ છે. ઓસ્કાર વિજેતા ફિલ્મ "ધ એલિફન્ટ વ્હીસ્પર્સ" રઘુ અને તેના કીપર પર આધારિત છે. તેને બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ મળ્યો છે.

મોદી બાંદીપુરમાં 'પ્રોજેક્ટ ટાઈગર'ના ૫૦ વર્ષ પૂરા થવા પર એક મેગા ઈવેન્ટમાં તેઓ વાઘને લગતા લેટેસ્ટ આંકડાઓ જાહેર કરશે. આ સાથે અમૃત કાળ અને ઈન્ટરનેશનલ બિગ કેટ્સ એલાયન્સ દરમિયાન વાઘને



બચાવવા માટે સરકારના વિઝનને પણ લોન્ચ કરવામાં આવશે. આ પ્રસંગે સ્મારક સાથે જોડાયેલો એક સિક્કો પણ બહાર પાડવામાં આવશે.

વડાપ્રધાન મોદી ચામરાજનગર જિલ્લામાં સ્થિત બાંદીપુર ટાઈગર રિઝર્વની મુલાકાત લેશે. જ્યાં તેઓ સવારે વાઘના સંરક્ષણ માટે કામ કરતા ફ્રન્ટલાઈન ફિલ્ડ સ્ટાફ અને સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ સાથે વાતચીત કરશે. મોદી ટાઈગર રિઝર્વના ફિલ્ડ ડિરેક્ટરોને પણ મળશે. ત્યાર બાદ, વડા પ્રધાન મુદુમલાઈ ટાઈગર રિઝર્વ પાસે આવેલા થેપ્પકાડુ હાથી કેમ્પની પણ મુલાકાત લેશે અને માહુતો અને 'કાવડીઓ' સાથે વાર્તાલાપ કરશે.

૨૦૧૯માં, પીએમ મોદીએ વૈશ્વિક નેતાઓ સાથે એશિયામાં પ્રાણીઓના શિકાર અને ગેરકાયદેસર વેપારને રોકવા માટે પહેલ કરી હતી. વડાપ્રધાનના આ જ સંદેશને આગળ વધારવા માટે આઈબીસીઓ શરૂ કરવામાં આવી રહી છે.

વન વિભાગના એડિશનલ ડાયરેક્ટર એસપી યાદવે જણાવ્યું હતું કે ટેક્નોલોજી અને સુરક્ષા વ્યવસ્થાના કારણે વાઘનો શિકાર ઘણી હદ સુધી ઘટી ગયો છે. પરંતુ હજુ પણ તેમના માટે ઘણા જોખમો છે. સ્થાપના સમયે, ૧૮,૨૭૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા અભયારણ્યમાં ૯ વાઘ હતા. હવે ૭૫,૦૦૦ ચોરસ કિમી (જે દેશના ભૌગોલિક વિસ્તારના લગભગ ૨.૪% છે)માં ફેલાયેલું છે, અનામતની સંખ્યા વધીને ૫૩ વાઘ થઈ ગઈ છે. ભારતમાં લગભગ ૩,૦૦૦ વાઘ છે, જે દુનિયાના જંગલી વાઘની વસ્તીના ૭૦%થી વધારે છે અને આ સંખ્યા દર વર્ષે ૬%ના દરે વધી રહી છે.

૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ પીએમ મોદી છત્તીસગઢ સ્થાપના દિવસ પર નયા રાયપુર ગયા હતા. અહીં તેમણે એશિયાની સૌથી મોટી માનવ નિર્મિત જંગલ સફારી નંદનવનનું ઉદ્ઘાટન કર્યું. જ્યારે તેઓ સફારી પર ગયા ત્યારે તેમણે પોતે કેમેરો હાથમાં લીધો અને વાઘનો ફોટો પણ ક્લિક કર્યો. આ દરમિયાન સીએમ રમણ સિંહે મોદીનો ફોટો ક્લિક કર્યો હતો, જે વાયરલ થયો હતો.

## દીવ-ગાંધીનગર રૂટની વોલ્વો બસમાંથી દારૂની બોટલો મળી આવી : પોલીસે ડ્રાઈવર વિરૂદ્ધ ફરીયાદ નોધી તપાસ હાથ ધરી

ઉના,

કેન્દ્રશાસીત દીવ પ્રદેશમાંથી બૂટલેગરો દારૂની હેરાફેરી કરી બરોબાર સપ્લાઈ કરતા હોય છે, પરંતુ હવે એસટી વિભાગના કર્મચારીઓ બૂટલેગરની ભૂમિકામાં ભજવતા હોય તેમ બે મહિનામાં બીજીવાર એસ.ટી બસમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડયો હતો. ત્યારે દીવ ગાંધીનગર રૂટની એસટી બસમાં દારૂ હોવાની બાતમી આધારે પોલીસે એસ.ટી વોલ્વો બસને રોકવી તલાશી લેતા વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે વોલ્વો બસના ડ્રાઈવર વિરૂદ્ધ ફરીયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. દીવ-ગાંધીનગર રૂટની વોલ્વો બસમાં દીવથી ઉના તરફ આવતી વોલ્વો બસમાં દારૂ હોવાની બાતમી આધારે પોલીસે માંડવી ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી. જ્યાં બાતમી વાળી આવી ચઢતા વોલ્વો બસને ઉભી રાખી બસની તલાશી લેતા બસના ડ્રાઈવરની પાછળની સીટમાં ખાલી જગ્યામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો ૮ કિં. રૂ. ૩ હજાર ૨૦૦નો મળી આવતા દારૂનો જથ્થો કબ્જે કરી કંડક્ટર વિરૂદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે પોલીસે વોલ્વો બસમાં દારૂ ઝડપી પાડતા બસમાં બેઠેલાં પેસેન્જરો કલાકો સુધી રઝળી પડ્યા હતા અને ડેપોએ પેસેન્જરો માટે અન્ય બસની વ્યવસ્થા કરવી પડી હતી. આ પહેલા પણ દિવ ચેકપોસ્ટ નજીકથી વણાંકબારા પોરબંદર રૂટની એસ.ટી.બસમાંથી દારૂ ઝડપાયો હતો.

## કોરોનાએ ફરી વધારી ચિંતા ! છેલ્લા ૨૪ કલાકમાં ૫ હજારથી વધુ કેસ નોંધાતા ખળભળાટ

નવીદિલ્હી,

ભારતમાં કોરોનાના કેસમાં ફરી વધારો થયો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રવિવારે ૫,૩૫૭ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે, જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર સક્રિય કેસોની સંખ્યા વધીને ૩૨,૮૧૪ થઈ ગઈ છે. તાજેતરના સમયમાં, દેશમાં સપ્ટેમ્બર પછી કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ભારતમાં શનિવારે કોવિડ-૧૯ ચેપના ૬,૧૫૫ નવા કેસ નોંધાયા હતા. જ્યારે સક્રિય કેસની સંખ્યા વધીને ૩૧,૧૯૪ થઈ ગયા છે. આ સાથે, જે બાદ ૨૪ કલાકમાં ફરી કોરોનાના કેસમાં વધારો થયો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રવિવારે ૫,૩૫૭ નવા કોવિડ -૧૯ કેસ નોંધાયા છે, જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર સક્રિય કેસોની સંખ્યા વધીને ૩૨,૮૧૪ થઈ ગઈ છે. તેમજ દેશમાં ૧૧ મૃત્યુ સાથે, કોરોનાથી મૃત્યુઆંક વધીને ૫,૩૦,૯૬૫ થઈ ગયો છે. ભારતમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. સ્થિતિ એવી છે કે સરકારએ તૈયારીઓ તેજ કરી દીધી છે. મહારાષ્ટ્ર, કેરળ, દિલ્હી, ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં કેસમાં અચાનક વધારો થયો છે. જોકે કોરોનાની આ નવી સ્પાઈક ન્યૂઝીલેન્ડ, ફ્રાન્સ અને દક્ષિણ કોરિયા જેટલી ખતરનાક નહીં હોય. ભારતમાં ૧૦ લાખ લોકો પર બે લોકો કોરોનાથી સંક્રમિત છે. કેરળમાં એક દિવસમાં ૧૮૦૦ કેસ પછી, ત્યાંની સરકારે વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓ માટે માસ્ક ફરજિયાત બનાવ્યું છે. શનિવારે સમગ્ર દેશમાં ૬૧૫૦ કેસ નોંધાયા છે.

## ચીનની જાળમાં ફસાયું નેપાળ? સરહદ પર રહેતા ગ્રામજનોની હાલત ગરીબી કરતા પણ ખરાબ

ચીનની જાળમાં નેપાળ ફસાયું છે નિરીક્ષકો જણાવે છે કે, તેના મૂળમાં ચીન છે. નેપાળ ચીનની જાળમાં ફસાઈ ગયું છે તેથી સરહદે રહેતા લોકો- ગ્રામજનોની ગરીબી બેહદ વધી ગઈ છે. બોર્ડર સીલ કરાવી દેવાતા નેપાળ- તિબેટ વચ્ચેનો વ્યાપાર બંધ થઈ ગયો છે તેથી સરહદે વસતા ગ્રામીણ લોકોની હાલત તો ઘણી બેહાલ બની ગઈ છે. તે વિસ્તારના મુગુ જિલ્લાના ગ્રામીણોની હાલત તો બેહદ ખરાબ છે. ધી કાઠમંડુ પોસ્ટના રિપોર્ટ પ્રમાણે ૨૦૨૦ના પ્રારંભથી જ બોર્ડર સીલ થઈ જતા ત્યાં સેંકડો પરિવારો ગરીબીની કગાર પર પહોંચ્યા છે. બોર્ડર ઉપર રહેતા લોકો જણાવે છે કે અનિયમિત વ્યાપારની નીતિને લીધે તેઓ બેહાલ થઈ ગયા છે. મુગુમ કરમા રોંગ ગ્રામીણ નગરપાલિકાના અધ્યક્ષ ત્સી રીંગ ક્યામને લામાએ કહ્યું હતું કે, અહીં લગભગ ૪૫% લોકો ગરીબીમાં જીવે છે. આ જિલ્લામાં વસ્તી પણ ઝડપભેર વધી રહી છે તેથી સ્થાનિક પ્રાકૃતિક સંશાધનો ઓછા પડે છે. ઝાડપાન બેફામ રીતે કપાતા ઔષધિઓ અને જડીબુટ્ટીનું ઉત્પાદન ઘણુંજ ઘટયુંછે. પહેલા મુગુ જિલ્લાનું મુગુમ કરમરોંગ ગ્રામીણ નગરપાલિકાના લોકો તિબેટ સાથે ૩૫ લાખ રૂપિયાનો દર વર્ષે વેપાર કરતા હતા. હવે, તે વેપાર બંધ થઈ ગયો છે તેમ છેવા ગ્યાલજોન તમાંગે કહ્યું હતું.તેઓએ કહ્યું હતુંકે પાયાની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવતી નથી. પહેલા વચન આપવામાં આવ્યું હતું કે રેલવે આવશે પરંતુ રેલવે તો દૂર રહી રસ્તાઓના પણ ઠેકાણા નથી. નેપાળમાં મોંઘવારીએ માઝા મૂકી છે ૨૫ કિલો ચોખાની કિંમત ૭૫૦૦ રૂપિયા છે એટલે કે એક કિલો ચોખા ૩૦૦ રૂપિયે મળે છે. ચીન પ્રત્યે હવે લોકો અવિશ્વાસની નજરે જોઈ રહ્યા છે નેપાળની મુશ્કેલીના મૂળમાં ચીનની જ ચાલબાજી હોવાનો વહેમ પડયો છે.

## ઉનામાં રામનવમી પર્વ પર ભડકાઉ ભાષણ મુદ્દે કાજલ હિન્દુસ્તાનીની ધરપકડ કરી

ગીરસોમનાથ,

ગીરસોમનાથના ઉનામાં રામનવમી પર્વ નિમીતે ભડકાઉ ભાષણનો મુદ્દે કાજલ હિન્દુસ્તાનીની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા કાજલ હિન્દુસ્તાનીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી છે. રામનવમી પર્વ પર ઉના ધર્મસભાને કાજલ હિન્દુસ્તાનીએ સંબોધી હતી. કાજલ હિન્દૂસ્તાની વિરૂદ્ધ કેસ દાખલ થયો હતો. આ અગાઉ ગીર સોમનાથના ઉનામાં હિન્દુ નેતા કાજલ હિન્દુસ્તાનીએ આપેલા ભાષણને લઈને ભારે વિવાદ સર્જાયો હતો. રામનવમીના દિવસે યોજાયેલી સભામાં કાજલ હિન્દુસ્તાનીએ જાહેર મંચ પરથી લવ જેહાદ તેમજ લેન્ડ જેહાદ સહિતના મુદ્દે ચોક્કસ સમુદાય પર નિશાન સાધ્યું હતું. કાજલ હિન્દુસ્તાનીએ લવ જેહાદ મુદ્દે સેના બનાવવા આહ્વાન કર્યું હતું. જોકે કાજલ હિન્દુસ્તાનીના ભાષણના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. કાજલના નિવેદન બાદ ઉનામાં એક સમાજે બંધનું એલાન આપ્યું હતું. જેને લઈને ઉના સજ્જડ બંધ જોવા મળ્યું હતું. આ ઘટનાને પગલે ઉનાના સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કાજલના નિવેદનના સમગ્ર ઉનામાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. શહેરમાં એક વેપારીની દુકાનમાં કામ કરતા કર્મચારી અને વેપારી વચ્ચે પણ કાજલના ભાષણ મુદ્દે પણ બોલાચાલી થઈ હતી. વિધર્મી કર્મચારી વેપારી માલિક સાથે ગાળાગાળી કરી રસ્તા ઉપર ઉતરી આવ્યો અને તેણે વેપારીને ધમકી પણ આપી હતી. જેના વિરોધમાં ચેમ્બર ઓફ કોમર્સે ઉના બંધનું એલાન આપ્યું. બંધને પગલે મોટાભાગની મુખ્ય બજારો બંધ રહી હતી. ઉના પોલીસે રામનવમીના સંચાલક અને કાજલ હિન્દુસ્તાની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહીની ખાતરી આપતા સમગ્ર વિવાદ થાળે પડ્યો હતો. નોંધનીય છે કે કાજલ હિન્દુસ્તાની પોતાના વિવાદીત નિવેદનોને કારણે ચર્ચામાં રહી હતી. જેની આજે પોલીસે ધરપકડ કરી છે.

## છત્તીસગઢના બેમેતરામાં હિંસક અથડામણ, પથ્થરમારો કરી અનેક વાહનોને આગ લગાડવામાં આવી

રાંચી,

છત્તીસગઢના બેમેતરામાં બે સમુદાયના લોકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ જોઈને હંગામો એટલો વધી ગયો કે રોષે ભરાયેલા ટોળાએ વાહનોને આગ ચાંપી દીધી. અનેક વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી અને પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. બાળકના ઝઘડાથી શરૂ થયેલી આ અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું છે. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને હળવો બળપ્રયોગ કરીને ભીડને વિખેરી નાખી હતી. આ ક્રમમાં પોલીસે આ અથડામણમાં સામેલ ૧૧ લોકોની ધરપકડ કરી છે. તે જ સમયે, બાકીના લોકોની ઓળખ અને ધરપકડ માટે દરોડાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના સાજા પોલીસ સ્ટેશન વિસ્તારના બિરાનપુર ગામની છે. બેમેતરા ડીએમ પીએસ એલ્માના જણાવ્યા અનુસાર, બે સમુદાયના બાળકો વચ્ચે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. બાદમાં તેના પરિવારના સભ્યો આ ઝઘડામાં સામેલ થયા હતા. આ પછી બંને પક્ષના અન્ય લોકો પણ સમાધાન માટે આવ્યા હતા, પરંતુ મામલો ઉકેલવાને બદલે વધુ વણસતો રહ્યો હતો. પછી થોડી જ વારમાં મામલો સાંપ્રદાયિક હિંસાનો બની ગયો. આ અથડામણમાં એક તરફના યુવક ઈશ્વર સાહુ (૨૩)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઉતાવળમાં તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. બીજી બાજુ, બેમેટારા એસપી ઈન્દિરા કલ્યાણ એલેસેલાએ જણાવ્યું કે માહિતી મળતાની સાથે જ મોટી સંખ્યામાં પોલીસ દળોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. પરંતુ ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. આ ટોળાએ પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો.

જેના કારણે ત્રણ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. ઘાયલ પોલીસકર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી તરફ, સ્થળ પર શાંતિ જાળવવા માટે હળવો બળપ્રયોગ કરીને બદમાશોનો પીછો કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ઉશ્કેરાયેલા ટોળાએ સ્થળ પર ઉભેલા અનેક વાહનોને આગ ચાંપી દીધી હતી. સાથે જ ૬થી વધુ વાહનોમાં તોડફોડ કરી હતી. સ્થિતિને જોતા સમગ્ર વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. અથડામણમાં સામેલ ૧૧ લોકોની ધરપકડ કરતી વખતે, પોલીસે ૧૨થી વધુ લોકો સામે ફોજદારી કેસ નોંધ્યો છે. પોલીસ બાકીના આરોપીઓની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## ચીન અને પાકિસ્તાનની ઐસી કી તૈસી, બંન્ને દેશોના વાંધા વચકાને ગણકાર્યા વિના ભારતે ધાર્યુ કર્યુ

નવીદિલ્હી,

ભારત આ વર્ષે જી૨૦ (ભારત જી૨૦ સમિટ) સમિટની અધ્યક્ષતા કરી રહ્યું છે. થોડા દિવસો પહેલા અરુણાચલ પ્રદેશમાં એક બેઠક યોજાઈ હતી. જેમાં તમામ દેશોના પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ચીનને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ ચીને આ બેઠકથી પોતાને દૂર રાખ્યા હતા. પાકિસ્તાન, ચીને જી૨૦ બેઠકની તારીખ અને સ્થળને લઈને વાંધો ઉઠાવ્યો હતો.

પ્રવાસન કાર્યકારી જૂથની બેઠક શ્રીનગરમાં ૨૨-૨૪ મેના રોજ યોજાવાની છે. જોકે ભારતે ચીન અને પાકિસ્તાનના પાયાવિહોણા વાંધાઓને ફગાવી દીધા હતા. ભારતે સ્પષ્ટ કર્યું છે કે બેઠક શ્રીનગરમાં જ યોજાશે. ચીનનો મુદ્દો એ છે કે તે પોતાનું કામ કરવા માંગે છે. પાકિસ્તાનની હાલત એટલી ખરાબ છે કે ત્યાં ખોરાકની અછત છે. પરંતુ તે ભારત વિરુદ્ધ કાવતરું ઘડવામાં સૌથી આગળ છે. પાકિસ્તાને સાઉદી અરેબિયા, તુર્કી અને શ્રેષ્ઠ મિત્ર ચીનને શ્રીનગરમાં બેઠક રોકવાની અપીલ કરી હતી. પાકિસ્તાને શ્રીનગરમાં બેઠકનો વિરોધ કરવાની વિનંતી કરી. પરંતુ ભારતે નક્કી કરી લીધું છે કે તેણે શું કરવાનું છે. બેઈજિંગે નાપાક ચાલ રમીને અરુણાચલના ૧૧ સ્થળોના નામ બદલી નાખ્યા. ભારતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ભારતે બે દિવસ પહેલા એટલે કે જી ૨૦ કેલેન્ડર અપડેટ કર્યું હતું. જેમાં પર્યટનને લગતી બેઠકનો દિવસ ૨૨-૨૪ મે નક્કી કરવામાં આવ્યો હતો. માનવામાં આવે છે કે અરુણાચલની જેમ ચીન પણ શ્રીનગર બેઠકનો બહિષ્કાર કરી શકે છે. જો કે, સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રીનગરમાં આયોજિત બેઠક અંગે ક્યારેય કોઈ શંકા નથી. ગયા વર્ષથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી.

જી-૨૦ની બેઠક ૨૮ રાજ્યો, ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં યોજાવા જઈ રહી છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે અરુણાચલ અને જમ્મુ-કાશ્મીર બંને ભારતના અભિન્ન અંગો છે. ચીનના સંરક્ષણ અને વિદેશ મંત્રી એસસીઓ બેઠક માટે ભારતની મુલાકાત લઈ શકે છે. જુલાઈમાં એસસીઓ સમિટની તારીખ નક્કી કરવા માટે ભારત ચીન, રશિયા અને અન્ય દેશોના સંપર્કમાં છે.જી -૨૦ નું પ્રમુખપદ ભારત પાસે છે. ભારત નક્કી કરશે કે બેઠકો ક્યાં યોજવાની છે? પર્યટનની બેઠક યોજાવાની છે. ભારતે તારીખ અને સ્થળ નક્કી કર્યું છે પરંતુ ચીન અને પાકિસ્તાન મનસ્વી છે. તે દરેક વસ્તુનો વિરોધ કરે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# રસ્તા બોર મોટર શૌચાલય આવાસો સહિતની પાયાની સુવિધાથી ગ્રામજનો વંચિત

- નાની ભુગેડી ગ્રામ પંચાયતના વિકાસના કામમાં થયેલી ગેરીતિની અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત.
- સરપંચ દ્વારા સરકારી યોજનાઓના નાણાની ઉચાપતની તપાસ કરવા રજૂઆત.
- સ્થળ પર કામ કર્યા વિના જ બારોબાર નાણા ઉપાડી લેતા જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવી રજુઆત.
- મુખ્યમંત્રીને સંબોધીને કૌભાંડ બાબતે તપાસ કરવા માંગ કરવામાં આવી.

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ અને તેના પતિ માથાભારે હોવાથી લુખ્ખી દાદાગીરી વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો સરપંચ કહે મારે ગાંધીનગર અને દિલ્હી સુધી હાથ લાબા છે. અમારૂં કોઈ અધિકારી બગાડી શકે તેમ નથી. તેવી ખુલ્લી વોર્નિંગ આપતા સરપંચને કાયદેસર કાર્યવાહી કરી કડકમાં કડક કાર્યવાહી કરી સરપંચ અને સરપંચના પતિને ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી.

સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગ્રુપ ગ્રામ પંચાયતમાં થયેલા વિકાસના કામોમા ગેરરીતિની તપાસ અંગે ગામના આમળીચાર સુરસીંગભાઈ મોતીભાઈ દ્વારા તાલુકા જિલ્લા અને રાજયકક્ષા સહિત મુખ્યમંત્રીને રજૂઆત કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગ્રામ પંચાયતમાં આવેલ વિકાસના કામો ખાલી કાગળ પર જ કરવામાં આવ્યા છે અને તે કામોમાં પૈસા બરોબર સરપંચ દ્વારા અધિકારીઓ સાથે મિલી ભગતથી ઉપાડી લેવામાં આવ્યા છે. અધર વ્યક્તિના નામે બોર મોટર પાસ કરાવી સરપંચ દ્વારા જુના કામો બતાવી બારોબાર પૈસાનું કૌભાંડ કરવામાં આવતા ઉચ્ચ કક્ષાએ ભ્રષ્ટાચાર કર્યા હોવાથી રજૂઆત કરતા તાલુકા અને જિલ્લામાં ખડગડાટ મચી જવા પામ્યો છે. આ લાભાર્થીની જાણ બહાર બરોબર પૈસા ઉપાડી લેવામાં આવ્યા છે અને આ ભ્રષ્ટાચાર અંગે આમલીચર સુરસીંગભાઇ મોતીભાઈ દ્વારા તાલુકા જિલ્લા અને ઉચ્ચકક્ષાએ અરજી કરવામાં આવી છે. જેના કારણે સમગ્ર પંથક ખળભળાટ મચી જવા પામ્યો છે.

નાની ભૂગેડીના સરપંચે ચૂંટણીમાં વધારે ખર્ચ કરવાથી પૈસા પુરા થઈ ગયા હોવાના કારણે ગ્રામજનોના નામે વિકાસના કામો પાસ કરાવી બરોબાર નાણાં ચાંઉ કર્યાનો આક્ષેપ.

# સંતરામપુર પાલિકાના સફાઈ કામદારો દ્વારા કચરો સળગાવી પ્રદુષણ ફેલાવી આરોગ્ય સાથે થતાં ચેડાં


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

જાહેરમાં કચરો સળગાવવાનો પ્રતિબંધ હોવા છતાંય સફાઈ કામદારોની મનમાની સંતરામપુર નગરના અલગ અલગ વિસ્તારોમાં સફાઈ કામદાર દ્વારા વહેલે સવારે કચરો ભેગો કરીને કચરાપેટીમાં નાખવાના બદલે તેને જાહેરમાં સળગાવી મૂકવામાં આવે છે. આ રીતે ખુલ્લામાં રોડ ઉપર જ કચરો સળગાવવાના કારણે આજુબાજુના રહેતા રહીશ કચરો સળગાવવાથી પ્રદુષણ ફેલાતું હોય છે અને પ્રદૂષણ ફેલાવાના કારણે નજીકમાં આવેલી બાળકોની હોસ્પિટલ ગાયને એક અલગ અલગ પ્રકારની હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને મુશ્કેલી વિઠાવી પડતી હોય છે. સરકારના નિયમ મુજબ જાહેરમાં કચરો સળગાવો નહીં તેનો નિયમ અને કડક શબ્દોમાં સૂચના આપવામાં આવેલી છતાંય સફાઈ કામદારો પોતાની કામગીરી વહેલી પૂર્ણ થઈ જાય તેમ કરીને રોડ ઉપર જ કચરો સળગાવી મુકેલ છે. કચરાને સળગાવ્યા પછી રોજના રોજ સળગેલો કચરો સફાઈ કામદાર દ્વારા તેને હટાવવામાં પણ નથી આવતો. આ જ સ્થળ ઉપર જ જાહેરમાં જ ઢગલા થઈ મુકેલા જોવા મળી આવેલા છે. સ્વચ્છ ભારત સ્વચ્છ મિશન ગુજરાત સરકાર દ્વારા હોમ ડીલેવરી ઘરે ઘરે સુકો અને ભીનો કચરો લઈ જવા માટે ગાડીઓ ગોઠવીને વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેમ છતાં કચરાપેટીમાં કચરો નાખવાના બદલે જાહેરમાં સળગાવીને જે પ્લાસ્ટિક અને અન્ય વસ્તુઓ જોડે સળગાવવાથી અને તેની દુર્ગંધના કારણે આરોગ્ય માટે હાનિકારક ઊભું થયેલું છે.

# લુણાવાડા મદદનીશ ચેરિટી કમિશનર ફાલ્ગુનીબેન ત્રિવેદી પર એક તરફી અને પક્ષપાતી વલણના આક્ષેપો સાથે રાજ્ય ચેરિટી કમિશનરને રજુઆત

લુણાવાડા,

વીરપુર કેળવણી મંડળના ગેરવહીવટને લઈ પાછલા કેટલાય સમયથી વિવાદ ચાલે છે. સરકારના દફતર પર બંધારણ નથી. તેમજ દફતર પર નોંધાવેલ ટ્રસ્ટીએમાં મોટા ભાગના ટ્રસ્ટીઓ મૃત્યુ પામેલા છે. સરકારના રેકર્ડ પર ૧૯૭૩ ના વર્ષમાં હતા. જે તે ટ્રસ્ટીઓ વહીવટ કરતા હોવાનું બતાવે છે. ત્યાર બાદ કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વિના મૃત્યુ પામેલ લોકોના નામેં ખોટો વહીવટ ચાલવામાં આવતો હતો. તેની સામે મે ૨૦૧૧ માં સ્કીમ અરજી વડોદરા ખાતે દાખલ થતા કેળવણી મંડળની વર્ષોથી મલાઈ ખાતા કહેવાતા ટ્રસ્ટીઓ સફાળા જાગી જતા તેઓ છેલ્લા ૪૯ વર્ષના ફેરફાર રિપોટો રાતો રાત બનાવટી બનાવી એક સાથે ૧૨-જેટલાં ફેરફાર રિપોટો રજૂ કરતા તેની સામે વાંધા અરજીઓ આપતાં સદર ફેરફાર રિપોર્ટ મદદનિશ ચેરિટી કમિશનરની કચેરી લુણાવાડા ખાતે ચાલાવામાં આવતા પરંતુ જેમાં મદદનીશ ચેરિટી કમિશનર ફાલ્ગુનીબેન ત્રિવેદીનું વલણ એક્તરફી અને એકજ બાજુની તરફદારી કરતા હોય અને તેમનો મનસુબો ચોક્કસ વ્યક્તિને ફાયદો કરવાનો વ્યવહાર વર્તન લાગતા તેમની પાસે થી સદર કેશ અન્ય કોર્ટમાં ટ્રાન્સફર કરવા ગુજરાત રાજ્યના ચેરિટી કમિશનરને લેખિતમાં રજુઆતો કરવામાં આવી છે. ૪-જેટલાં વાંધેદારો દ્વારા સદર કેશ અહીં નહીં ચલાવા માટે રજુઆત કરી છે. તેમાં વધુમાં જણાવ્યું છે કે, ફાલ્ગુનીબેન પાસેથી ન્યાયની અપેક્ષા રાખી શકાય તેમ નથી તેથી વિશાળ ન્યાયના હિતમાં સદર કેશ ટ્રાન્સફર કરી અન્ય જગ્યા એ ચલાવવા રજુવાત કરેલ છે.

# મહિસાગર જીલ્લામાં જુ.કલાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પુરી થઈ

લુણાવાડા,

મહિસાગર જીલ્લામાં જુ.કલાર્ક સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ. જેમાં ૮૧૧૫ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પુરી થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર કલાર્ક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા આજરોજ યોજાવામાં આવી. મહિસાગર જીલ્લાના નિયત કરેલ પરીક્ષા કેન્દ્રો ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પરીક્ષા યોજા હતી. પરીક્ષામાં મહિસાગર જીલ્લામાં ૨૦૧૩૦ પરીક્ષાર્થીઓ પૈકી ૮૧૧૫ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી જુ.કલાર્ક પરીક્ષા શાંતિપૂર્ણ માહોલ પુરી થતાં તંત્રને હાશકારો અનુભવ્યો છે.

# બાલાસિનોરના ધનેલા અને પારૂપગીના મુવાડા પ્રા.શાળામાં એક જ શિક્ષક

બાલાસિનોર,

સરકાર પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સ્વ થાય છે અને ખાનગી શાળા છોડી છાત્રો સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવતા હોવાના દાવાઓ વચ્ચે વાસ્તવકિ પરિસ્થિતિ જાણવા વચ્ચે બાલાસિનોર તાલુકાની ધનેલા પ્રાથમિક શાળામાં તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ધો-૧ થી પમાં ૨૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવ્યા હતા. પરંતુ અહિંયા એક માત્ર શિક્ષક ભરતભાઈ પટેલ કે જેઓ આચાર્યની પણ કામગીરી કરે છે. સાથે એકથી પાંચના છાત્રોને એક જ વર્ગમાં બેસાડી અભ્યાસ કરાવી રહ્યા છે. જયારે ભરતભાઈને પુછતા તેમને જણાવ્યુ હતુ કે, છાત્રોને એકસાથે બેસાડી ભણાવવામાં મુશ્કેલી પડે છે પરંતુ શુ કરવુ ? હું એક જ શિક્ષક છુ. શિક્ષણકાર્યની સાથે વહીવટી જવાબદારી પણ હોય છે. બધા બાળકોને એક જ વર્ગખંડમાં બેસાડીને ભણાવુ છુ.

# સંતરામપુરમાં જુ.કલાર્કની પરીક્ષા શાંતિ પૂર્વક માહોલમાં પુરી થઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર પરીક્ષા કેન્દ્ર પર જુનિયર ક્લાર્કની પરીક્ષા શાંતિ પૂર્વક માહોલમાં યોજાઈ હાસ આજે પરીક્ષા લેવાઈ ગઈ સંતરામપુરમાં મુરલીધર હાઈસ્કુલ જે.એચ.મહેતા હાઈસ્કુલ ભૂરા વિવિધ પરીક્ષા કેન્દ્ર પર આજે જુનિયર ક્લાર્કની પરીક્ષા યોજાઈ. સવારથી સરકારી તંત્ર ખડે પગે સઘન પેટ્રોલિંગ કરીને ચાંપતી બંદોબસ્ત ગોઠવીને સફળતાપૂર્વક વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થઈ દરેક પરીક્ષા કેન્દ્ર પર સંતરામપુરના પી.આઈ. કે.કે.ડીંડોર, પોલીસ સબ ઈન્સ્પેકટર, પ્રાંત અધિકારી યાદવ, મામલતદાર, સરકારી તમામ સ્ટાફ આજે પરીક્ષામાં પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવીને જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવામાં આવી. જેમાં દરેક જગ્યાએ દરેક કેન્દ્ર પર સીસીટી કેમેર દ્વારા ચાંપતી બાજ નજર રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પાસેથી મોબાઈલ બેગ અન્ય સામગ્રી અને ચેકિંગ હાથ ધરીને ત્યાર પછી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલો હતો પણ સૌથી મોટો વિદ્યાર્થીઓની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં સંખ્યામાં ઘટાડો જોવા મળી આવેલો હતો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. જો તમે કોઈ કામ માટે યાત્રા પર જાઓ છો તો તેમાં ફાયદો થશે અને તમારો હેતુ પૂરો થશે. કોઈ પણ કાર્ય કાળજીથી કરો.

વૃષભ : આજે દરેક બાબતમાં તમારા થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે. તમારી વાણીયતા અને કલાત્મક કુશળતાથી તમે અન્યના ખોટા ઈરાદાઓને નિષ્ફળ બનાવશો. વ્યવહારમાં સાવચેત રહેવું.

મિથુન : આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો. સંતાન તરફથી તમને સંપૂર્ણ આનંદ અને સહયોગ મળશે. આજે તમને કંઈક નવું શીખવાની તક મળી શકે છે જેના વિશે તમે લાંબા સમયથી વિચારતા હતા.

કર્ક : આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે. ઉત્કૃષ્ટ ચંદ્ર તમને અચાનક આજે કોઈ મહાન અધિકારીને મળવા માટે મદદ કરી શકે છે. ભવિષ્યમાં તમને તેનો ફાયદો થશે. સાંજે જમવા માટે સ્વાદિષ્ટ ખોરાક મળશે.

સિંહ : આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે. આજે તમે તમારી સુવિધા વધારવા માટે પૈસા ખર્ચ કરશો અને તમને તેમાં લાભ મળશે. તમે તમારી વાત લોકો સમક્ષ મુકી શકશો.

કન્યા : આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા મળશે તો ખરાબ કાર્યો થશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે. પૈસા મળવાથી ભંડોળ વધશે અને રોજગાર મેળવતા લોકોના હક વધશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં વિજય મળશે.

તુલા : આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે. પૂજા અને સત્સંગમાં તમારી રુચિ વધશે. નવા વ્યવસાય માટે નવી યોજનાઓ બનાવશો અને તેનો અમલ કરશો. આ યોજનાઓ તમને ભવિષ્યમાં લાભ આપશે.

વૃશ્ચિક : આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. બિનજરૂરી વિવાદથી મુક્તિ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે. આજે તમને વાહનની ખરીદી કરી શકો છો.

ધન : આજે ગ્રહોની રાશિ પર તમારી ખાસ કૃપા છે. આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે. સાંજથી રાત સુધીનો સમય ધાર્મિક કાર્યોમાં વિતાવશે અને તમને લાભ મળશે. શુભ ખર્ચ પણ થઈ શકે છે જેના કારણે તમારી ખ્યાતિ વધશે.

મકર : આજનો શુભ તમને કોઈ સારા સમાચાર સાંભળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે. ધાર્મિક કાર્યોમાં વધુ રસ રહેશે. ધંધાની દ્રષ્ટિએ આજનો દિવસ અનુકૂળ છે.

કુંભ : આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે. ડહાપણથી લીધેલા નિર્ણયો લાભ આપશે અને આજે તમારું મન ભગવાનની ભક્તિમાં વ્યસ્ત રહેશે. તમારા પ્રયત્નો અને આત્મવિશ્વાસ વધશે.

મીન : આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે અને ભવિષ્ય માટે કેટલાક પૈસા બચાવવાની જરૂર છે. આજે તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

# સંતરામપુરના દલીચાટી પ્રા.શાળાના આચાર્યનો નિવૃત્ત સમારોહ યોજાયો



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના દલીચાટી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા અને આચાર્ય તરીકે કાર્યરત રમેશભાઇ પ્રજાપતિના વિદાય સમારંભમાં ગુજરાતના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી હતી. વિદાય સમારંભ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદાય સમારંભમાં ઉપસ્થિતિને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે સંબોધીને જણાવ્યું હતું. શિક્ષક વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરે છે. ગુજરાતની સરકારે દીકરીઓ માટે મફત શિક્ષણની સુવિધા મળી રહે તે માટે વ્યવસ્થા કરી છે. વર્ષમાં દીકરીઓને ગણવેશના ભાગરૂપે રકમ પણ સરકાર વિદ્યાર્થીઓને આપે છે. ગુજરાત સરકારે નોટ પેનથી લઈને બધું જ મફત મળી રહે તેવી અભ્યાસ અર્થે સુવિધા કરી છે. બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અંતર્ગત દીકરીઓને બચાવવાનું કામ સરકારે કર્યું છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી અને કોમ્પ્યુટરનું જ્ઞાન મળે તે માટે એક્સેલ ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. કોંગ્રેસની સરકારે ૭૫ વર્ષ સુધી કશું જ કર્યું નથી. ત્યારે ભાજપ સરકારે તમામ ક્ષેત્રે વિકાસ કર્યો હોવાનું કહી શિક્ષક એ કર્મચારી નથી પરંતુ રાષ્ટ્રનિર્માતા છે એવું કહી બે જ વ્યક્તિઓનું સન્માન થાય છે. જેમાં શિક્ષક અને સૈનિકનો સમાવેશ થાય છે. આવનાર સમયમાં શિક્ષણનું સ્તર સુધરે ટેકનોલોજી સાથેનું શિક્ષણ વિદ્યાર્થીને મળી રહે તે માટે કામ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

# સંતરામપુર તાલુકાના વાવિયા મુવાડા ગામે પીવાના પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ : હજારો લીટર પાણીનો વેડફાટ



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના વવિયા મુવાડા ગામે પીવાના પાણી માટે વાસ્મો યોજના અંતર્ગત પીવા પાણી માટે પાઈપલાઈન કરવામાં આવેલી છે. જે પાઈપલાઈનમાં બે મહિના થી ગ્રામપંચાયત ની સામે ભંગાણ સર્જાતાં રોજનો હજારો લીટર પાણીનો બગાડ થાય છે. આ બાબતે સરપંચ મનસુખભાઈ બેરીયાને વારંવાર ટેલીફોનીક તેમજ મૌખિક રજૂઆત કરવા છતાં આ સમસ્યાનો કોઈ ઉકેલ આવેલ નથી અને આ તૂટેલી પાઈપલાઈન ગ્રામપંચાયતની બિલકુલ સામે આવેલી હોવા છતાં સરપંચ એવું કહે છે કે મને આ વિશે ખબર નથી અને મે કોઈ તૂટેલી પાઈપલાઈન તમારા ગામમાં જોઈ નથી. ઉનાળાનો સમય હોવાથી ગામલોકોને પીવાના પાણીની ખૂબ હાલાકી પડે છે અને પાણીના માટલા લઈને આજુબાજુના કૂવા ઉપર જઈ પાણી માટે વલખાં મારવાપડે છે. ચૂંટણી ટાણે તો મોટા મોટા વાયદાઓ કરીને ગામના અબૂધ લોકોને ભોળવીને વોટ માંગવા આવી ગયા હતા. હવે જ્યારે સમસ્યા આવી ત્યારે આ સરપંચ કંઈ કામ કરવા તૈયાર નથી. તો શું આ સરપંચની આંખો ના ઉઘડે તો ગામલોકોએ ગાધીચિંદયા માર્ગે ઉપવાસ પર ઉતરવાની ચીમકી આપી હતી.

# જુનિયર ક્લાર્કની પરીક્ષામાં બાલાસિનોર પોલીસની સરાહનીય કામગીરી



બાલાસીનોર,

સમગ્ર ગુજરાતમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાઈ રહી છે. ત્યારે બાલાસિનોર ખાતે એમેંડો હાઈસ્કૂલ પી.વી. વિદ્યાલય નવગુજરાંત હાઈસ્કૂલ ખાતે પરિક્ષાથીઓ પહોંચ્યા હતા. પરતું બે ઉમેદવારો પાસે આધારકાર્ડ ન હતા. એક ઉમેદવાર પાસે પાસપોર્ટ સાઈઝ ફોટો ન હતા. તો બલાસીનોર પોલીસ સ્ટેશનના પી.આઈ. અંશુમન નિનામાના માર્ગદર્શન દ્વારા પોલીસ સ્ટાફ દ્વારા તાત્કાલિક આધારકાર્ડ અને ફોટા કઢાવી આપી પરીક્ષાર્થીઓને પ્રવેશ અપાવી ઉમદા ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. આ તબક્કે પરીક્ષાર્થીઓ બાલાસિનોર પોલીસ સ્ટેશનના સ્ટાફનો આભાર માન્યો હતો. આ તબક્કે મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટે પણ બાલાસિનોરના પરીક્ષાના સ્થળોની મુલાકાત કરી હતી.


ઘોઘંબા તાલુકાના ગુંદી ગામના અને કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય ચૌહાણના નિવાસ્થાને આજરોજ નવચંડી યજ્ઞ રામદેવજી મહારાજનો પાઠ તેમજ વાસ્તુપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજકીય આગેવાનો ધારાસભ્યો તથા સરકારી કર્મચારીઓ સાથે તાલુકાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મોદી જેને ભગતના હુલામના નામથી ઓળખે છે. તેવા ફતેસિંહ ચૌહાણ દ્વારા ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર તથા અનેક સાધુ-સંતો ગુરૂજનોની હાજરીમાં નવચંડી યજ્ઞનું મહા આયોજન કર્યું હતું. યજ્ઞનું ફળ હોમ્યા બાદ આરતી તથા ગુરૂજીની બાદ રામદેવજીના પાઠ યોજાયા હતા અને છેલ્લે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# કડાણાના દેદાવાડા પ્રા.શાળામાં ધો-૩ થી પની પરીક્ષામાં માત્ર ૧૦ બાળકો

કડાણા,

કડાણા તાલુકાની દેદાવાડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં આવતા નથી. શિક્ષક્નુ કહેવુ છે કે,બાળકો વાલીઓ સાથે બહારગામ મજુરી અર્થે ગયા છે. ધો-૩થી પની પરીક્ષામાં માત્ર ૧૦ બાળકો હાજર રહ્યા હતા. દેદાવાઠા પ્રા.શાળામાં માત્ર એક ચિત્રકામના શિક્ષક છે જે ૩૭ બાળકોને એક કલાસમાં બેસાડીને ભણાવે છે. હાલ શાળામાં ધો-૩થી પના વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલે છે. ત્યારે પરીક્ષા દરમિયાન ૪૦ ટકા બાળકો ગેરહાજર જોવા મળ્યા હતા. શાળામાં પરીક્ષા દરમિયાન અન્ય ગંભીર બાબતો સામે આવી હતી. પરીક્ષા સમયે બાળકો હાથમાં સાવરણી લઈ શાળામાં સફાઈ કરી રહ્યા હતા. માત્ર ૧૦ બાળકો પરીક્ષામાં હાજર હતા. બીજા બાળકો રમવામાં હતા. શાળામાં મુખ્ય રસ્તાથી અડધો કિ.મી.દુર ડુંગરના પાછલા ભાગમાં આવેલ છે જયાં પહોંચવા એક પગદંડી રસ્તા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. જેને કારણે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા પાંખી જોવા મળે છે. ગ્રામજનોનુ કહેવુ છે કે, અહિંયા રસ્તાની સુવિધા પુરી કરવામાં આવે ત્યારે કડાણા તાલુકામાં આદિવાસી વિસ્તારમાં આવેલ સરકારી શાળાઓમાં સરકારના ગુણવત્તાસભર શિક્ષણના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નબળા શિક્ષણને લઈ પ્રશ્નો ઉભા થયા છે. શાળામાં સુવિધાઓ અને શિક્ષકોના અભાવને લઈ બાળકોનો અભ્યાસ અંધકારમય બની રહ્યો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

# ગોધરા સિગ્નલ ફળીયા ગરનાળા પાસેથી જુની ટ્રકની ચોરી

ગોધરા,

ગોધરા સિગ્નલ ફળીયા ગરનાળા પાસે પાર્ક કરેલ ટ્રકને કોઈ ચોર ઈસમ ૮ એપ્રિલના રોજ ચોરી કરી જતાં ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સિગ્નલ ફળીયા ગરનાળા પાસે મહેબુબ યાકુબ ચરખાની ટ્રક નં.જીજે.૧૭. એક્સએક્સ. ૦૩૫૭ પાર્ક કરેલ હોય જેની કિંમત ૧,૯૦,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હ) પંચવટી ફળીયામાં યુવાને પત્નીના વિરહમાં ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

મોરવા(હ),

મોરવા(હ) પંચવટી ફળીયામાં પત્ની રિસાઈને પિયરમાં ચાલી જતાં મનમાં લાગી આવતાં ૩૭ વર્ષીય યુવાને પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) પંચવટી ફળીયામાં રહેતા દિપકભાઈ ઉર્ફે લકકડ તખતસિંહ બારીયા ઉ.વ.૩૭ની પત્ની છેલ્લા પાંચ મહિનાથી રીસાઈને પિતાના ઘરે જતી રહેલ હોય જેને લઈ દિપકભાઈને મનમાં લાગી આવતાં પોતાના મકાનના છતના કઠેળા સાથે ધોતી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ ગયેલ હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધવા પામી.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાના ૫૪ કેન્દ્રો ઉપર યોજાયેલ જુ.કલાર્કની પરીક્ષામાં ૭૩૫૪ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી



## પંચમહાલ જીલ્લામાં કુલ પરીક્ષાર્થી પૈકી ૧૧,૯૦૬ પરીક્ષાર્થીઓ ગેરહાજર

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં જુનિયર કલાર્કની પરીક્ષા ૫૪ કેન્દ્રો ખાતે યોજાઈ હતી. શાંતિપૂર્ણ માહોલમાં જુ.કલાર્ક પરીક્ષામાં ૭૩૫૪ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ગુજરાત રાજપચ પંચાયત પસંદગી સેવા મંડળ દ્વારા જુનિયર કલાર્કની પરીક્ષા પંચમહાલ જીલ્લામાં ૫૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાવામાં આવી હતી. જીલ્લામાં ૧૯,૨૬૦ જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતી. આજરોજ યોજાયેલ જુ.કલાર્કની પરીક્ષામાં ૭૩૫૪ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૧૧૯૦૬ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેતા જીલ્લામાં કુલ સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓના ૩૮ ટકા એ પરીક્ષા આપી. પંચમહાલ જીલ્લા સહિત રાજયમાં જુનિયર કલાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પુરી થાય તે માટે તંત્ર સજ્જ થયું હતું. પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને સ્કોર્ડની ટીમોના ચેકીંગ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પુરી કરવામાં આવી. પંચમહાલ જીલ્લામાં યોજાયેલ જુનિયર કલાર્કની પરીક્ષામાં આવતાં પરીક્ષાર્થીઓની સગવડ જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી હતી. છતાં દુરદરાજના જીલ્લાઓના પરીક્ષાર્થીઓને દુર પરીક્ષા કેન્દ્રો ફળવાતા નારાજગી વ્યકત કરતાં જોવા મળ્યા હતા. છતાં જુનિયર કલાર્કની પરીક્ષા પુરી થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

# ગોધરા લીલેસરાની સર્વે નં.૧૧૩/૨૨માં ગેરકાયદેસર કબ્જો કરનાર મદદગાર મળી ૬ ઈસમો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાઈ


## જીલ્લા કોંગ્રેસ મહામંત્રી યાકુબ હેબર્ટ સહિત પાંચ વ્યકિત સામે ગુનો

ગોધરા,

ગોધરાના લીલેસરા રોડ ઉપર આવેલ ખેતીની જમીનમાં ગેરકાયદેસર કબ્જેદારને દુર કરવા અરજદાર દ્વારા જીલ્લા કલેકટર કચેરીમાં કાર્યવાહી માટે દાખલ કરવાની અપીલ અરજીની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં જીલ્લા કલેકટરના હુકમથી ૬ ઈસમો વિરૂદ્ધ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ નોંધાવા પામી.

ગોધરા શહેરના જૈન દેરાસર પાસે રહેતા મોહમ્મદ અબ્દુલ કાદિર ઉસ્માની લીલેસરા રોડ ઉપર આવેલ ખાતા નં.૧૧૧૭ના સર્વે નં.૧૧૬/૨૨ની ખેતીની જમીનમાં ગેરકાયદેસર કબ્જો કરવામાં આવેલ હોય આ ગેરકાયદેસર કબ્જેદારને દુર કરવા માટે જીલ્લા કલેકટર સમક્ષ અરજદાર ખેડુત દ્વારા દાખલ કરવામાં આવેલ અપીલ અરજીની સુનાવણી હાથ ધરવામાં આવી અને અરજદારની જમીન માંથી ગેરકાદેસર કબ્જેદારોની જમીન ખાલી કરીને ખેડુતને સોંપવા આવે જો કબ્જેદારો જમીનના ગેરકાયદેસર કબ્જો ન છોડે તો લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરવા આદેશ કરવામાં આવ્યો હતો. જીલ્લા કલેકટરના આદેશના આધારે અરજદાર મોહમ્મદ અબ્દુલ કાદીર ઉસ્માનીની ફરિયાદના આધારે જીલ્લા કોંગ્રેસ મહામંત્રી યાકુબ અબ્દુલ હેબર્ટની સીધી દોરવણી અને મદદગારીથી આરોપી સુરસીંગભાઈ રાઠવા, રામાભાઈ રાઠવા, જામસિંહ રાઠવા, મુકિતબેન રાઠવા, મથુરભાઈ રાઠવા વિરૂદ્ધ લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી આવા ગેરકાયદેસર કબ્જે જમાવતા ભુમાફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# મોરવા(હ) વિનયન કોલેજને MGVCL દ્વારા ૪૨ લાખનું અનુદાન માટે બહુમાન કરાયું



મોરવા(હ),

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬થી મોરવા હડફ ખાતે વિનયન અને વિજ્ઞાન કોલેજ શરૂ કરવામાં આવી હતી. જેનું નવનિર્મિત મકાન જૂન ૨૦૨૧માં પૂર્ણ થતાં આ કોલેજ નવા મકાનમાં કાર્યરત થયેલ છે. હાલ આ કોલેજમાં કુલ ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જે પૈકી ૮૦% જેટલા ઓબીસી અને અન્ય અનામત વર્ગના વિદ્યાર્થીઓ છે. તેમજ કન્યાઓની સંખ્યા પણ ૬૦%થી વધુ છે. ત્યારે આ કોલેજ માટે શિક્ષણ સંલગ્ન ભૌતિક સુવિધાઓ જેવી કે પ્રયોગશાળા માટે જરૂરી સાધનો રસાયણો અને શિક્ષણ સાથે સંલગ્ન એવા ઉપકરણો જેવા કે કોમ્પ્યુટર અને ડિજિટલ પોડિયમ વગેરેથી સુસજ્જથાય અને આ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને તમામ સુવિધા પ્રાપ્ત થાય.

સાથે ગુણવત્તા સભર શિક્ષણ મેળવી પોતે પણ સમાજિક જવાબદારી ઉપાડી સમાજને મદદરૂપ થાય દેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપે તે વિચાર સાથે કોલેજના આચાર્ય ડો. કે.જી. છાયા દ્વારા કેન્દ્ર સરકારની યોજના સીએસઆર કોમ્યુનિટી સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ મધ્ય ગુજરાત કંપની પાસેથી અનુદાન મળવા દરખાસ્ત કરવામાં આવી હતી અને ઘણી વાટાઘાટો બાદ એમ.જીવી.સી.એલ વડોદરાની કંપનીએ પૂરેપૂરી દરખાસ્ત માન્ય રાખીને કોલેજને કુલ ૪૨.૩૮ લાખ રૂપિયા મંજૂર કરેલા હતા.

જેમાંથી ભૌતિક વિજ્ઞાન રસાયણ વિજ્ઞાન માટે લેબ ટેબલ જેમાં એકી સાથે ૩૨ વિદ્યાર્થીઓ પ્રયોગ કરી શકે તેવા ૮ ટેબલો શૈક્ષણિક સાધનો તથા ૨૦ કોમ્પ્યુટર અને ડિજિટલ પોડિયમ વગેરે પૂરા પાડવામાં આવ્યા હતા. આ બાબતે કોલેજને શૈક્ષણિક સાધનો મળતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોથી સુસજ્જ થયેલ છે. તેમજ છેવાડાના વિસ્તારના વિદ્યાર્થીને સુવિધાથી વંચિત રહેવું નહીં પડે અને કારકિર્દી બનાવવા માટે એક તક મળશે. જેને પરિણામે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ જેટલી સુવિધા મોરવા હડફ જેવા ગામમાં ઘર આંગણે મળતા વિદ્યાર્થીના શૈક્ષણિક કારકિર્દીમાં અત્યંત ઉત્કૃષ્ટ રીતે વધારો થશે. જેનો લાભ અંતે સમાજને પ્રાપ્ત થશે. એમજીવીસીએલએ ૪૨ લાખનું અનુદાન આપેલ છે તે કાર્ય પ્રશંસાને પાત્ર છે.

આ બાબતે આચાર્યના અથાગ પ્રયત્નો વડે સુવિધા મળતા કોલેજ અને શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા મધ્ય ગુજરાત વિજ નિગમના અધિકારીઓએ કરેલી મહેનત માટે સંસ્થા ઋણી રહેશે અને તેઓનું જાહેરમાં બહુમાન પણ કરવામાં આવશે. તેવુ આચાર્ય કે.જી. છાંયાએ જણાવ્યું હતું. ભવિષ્યમાં શૈક્ષણિક સંસ્થાઓને માટે આ રીતે લાભ દરેક સંસ્થા મેળવે અને કંપનીઓ પાસેથી તેમના ભૌતિક સુવિધા વધારવા માટે તેનો ઉપયોગ કરે તે ઈચ્છનીય છે. આ પ્રોજેકટ પૂર્ણ કરવા પાછળ કોલેજના વિજ્ઞાનના અધ્યાપકો હિતેન રાવલ તથા રાકેશ અને તુષાર ડેઢીયાએ ખુબ જહેમત ઉઠાવી હતી.

# કાલોલ-વેજલપુર હાઈવે પર પરપ્રાંતિય શ્રમિકોની ગાડી પલ્ટી જતા એકનું મોત સાતને ઈજા

કાલોલ,

વેજલપુર-કાલોલ હાઈવે પર મધ્યપ્રદેશથી સુરત પરત ફરતા પરપ્રાંતિય શ્રમિકોની ગાડી પલ્ટી ખાઈ જતા નડેલા અકસ્માતમાં છ-સાત શ્રમિકોને ઈજાઓ પહોંચી હતી. એ ઈજાગ્રસ્ત શ્રમિકો પૈકીના એક શ્રમિકનુ સારવાર દરમિયાન મોત નીપજતા ગુનો નોંધાવવા પામ્યો હતો. મધ્યપ્રદેશથી સુરતમાં મજુરીકામ કરતા સાત શ્રમિકોએ તેમના વતન જવાનુ નકકી કરીને તેમની સાથે કામ કરતા વેસતાભાઈ ડાંગીની ગાડી લઈને દેવીગઢથી પરત સુરત જઈ રહ્યા હતા. ત્યારે તુફાન ગાડીને વેસતાભાઈ ડાંગી જાતે ચલાવતા હતા. જેઓ ગોધરા પસાર કરીને વેજલપુરથી કાલોલ રોડ ઉપર આવેલ બેઢીયા જૈન મંદિરની પાસેથી પલ્ટી જતા રોડની સાઈડમાં ફેંકાઈ ગઈ હતી. એ સમયે અન્ય વાહનચાલકોએ ગાડીમાં ફસાઈને ઈજા પામેલા માણસોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બે ઈજાગ્રસ્તોને કાલોલ રેફરલ હોસ્પિટલમાંથી ગોધરા સિવિલ હોસ્પિટલમાં અને પાંચ ઈજાગ્રસ્તોને સીધા ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જે પૈકીના બે ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા હતા. ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સામાન્ય ઈજાઓ ધરાવતા ૩ વ્યકિતઓને રજા આપી દેવામાં આવી હતી. જયારે ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવેલ રાહુલ કાનજી ભાભોર(ઉ.વ.૨૭, રહે.બડાધોડા થાંભલા, તા.મેઘનગર, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ)ને ગંભીર ઈજાઓને પગલે સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. જે સમગ્ર અકસ્માત ઘટનાની ફરિયાદના પગલે વેજલપુર પોલીસે તુફાન ગાડીના ચાલક વેસતા ડાંગીએ પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા ગમે તે કારણોસર ગાડી પલ્ટી જવા અંગે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

